

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### બે વર્ષમાં પ્રદુષણ ફેલાવતા ૧૨૬ ઓદ્યોગિક એકમો સામે ફરિયાદ થઇ

ગાંધીનગર ગ્રીન સીટીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ રહ્યુ છે. વિકાસના નામે સેંકડો હરિયાળા વૃક્ષોની કટોતી થતા નગરના પર્યાવરણ પ્રેમીઓમાં ઘોર નારાજગી વ્યાપી છે. બીજીતરફ શહેરમાં ધીમે ધીમે પ્રદુષણની માત્રા પણ વધી રહી છે. પ્રદુષણની સમસ્યાને ડામવા માટે કડક પગલા લેવાય તે અત્યંત અનિવાર્ય હોવાનો સુર પણ આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન પ્રદુષણ ફેલાવતા કુલ ૧૨૬ ઓદ્યોગિક એકમો સામે જાગૃત નાગરિકોએ સરકારેને ફરિયાદ કરી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના આ પ્રશ્નના ઉત્તરમાં પર્યાવરણ મંત્રીએ રજુ કરેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ પ્રદુષણ ફેલાવતા એકમો સામેની આ ફરિયાદો અન્વયે કસુરવાર એકમો સામે તેમની ક્ષતિ મુજબ કારણદર્શક નોટીસ તેમજ કલોઝર નોટીસ આપવા સુધીના પગલા લેવામાં આવ્યા છે.

### જિલ્લાની ૧૦૪ શાળાઓમાં ૨૫૯ ઓરડાની ઘટ

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાના ઘટ અંગે માણસાના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્નના શિક્ષણમંત્રીએ આપેલા જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં ૬૦, ગાંધીનગર તાલુકામાં,૧૯,કલોલ તાલુકામાં ૧૩ અને માણસા તાલુકામાં ૧૨ શાળાઓમાં ઓરડાની ઘટ છે. જયારે સૌથી વધુ ઓરડાની ઘટ ધરાવતી શાળાઓ દહેગામ તાલુકાની છે. ચારેય તાલુકાઓમાં કુલ ૧૦૪ શાળાઓમાં ઓરડાની ઘટ છે.જયારે ઓરડાની ઘટ અંગે આપેલી વિગતો મુજબ દહેગામ તાલુકાની શાળાઓમાં ૬૯, ગાંધીનગર તાલુકામાં ૮૭, કલોલ તાલુકામાં ૪૪ અને માણસા તાલુકામાં ૫૯ ઓરડાની ઘટ છે. જિલ્લાના ચારેય તાલુકાની ૧૦૪ શાળાઓમાં કુલ ૨૫૯ અરોડાઓની ઘટ છે. જયારે બાકી રહેતા ઓરડાઓ ઝડપથી બનાવવામાં આવે તેવુ આયોજન કરવામાં આવશે.

### જિલ્લામાં ૪૨૬૫ બાળકો કુપોષણથી પીડીત

ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે અને બાળકોમાંથી કુપોષણની ખામી દુર કરવા માટે સરકારે શુ પગલા લીધા તેવા પ્રશ્નના જવાબમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પીડીત બાળકોની સંખ્યા ૪૨૬૫ છે. જેમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૩૫૨૯ છે. જયારે અતિ ઓછુ વજન ધરાવતા બાળકોની સંખ્યા ૭૩૬ છે. જયારે આ પૈકી કુપોષણ પીડીત ૧૨૧૦ બાળકો સૌથી વધુ કલોલ તાલુકાના હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આવા બાળકોમાંથી કુપોષણની ખામી દુર કરવા માટે સરકારે આંગણવાડી કેન્દ્રોમાં ગરમ નાસ્તો, બપોરનુ ભોજન તેમજ અઠવાડીયામાં બે દિવસ ફળો આપવામાં આવે છે. જયારે ઓછા વજનવાળા લાભાર્થી બાળકોને ઘઉં ,મગદાળ અને તેલ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે. જયારે ૩ થી ૬ વર્ષના બાળકોને ત્રીજા ભોજન તરીકે ઘરે લઈ જવા માટે ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટિફાઈડ મીંઠુ તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરુ પાડવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



વાદળોની હાથતાળી - કોણ જાણે કેમ મેઘરાજા ગાંધીનગરથી રિસાઈ ગયા છે... રોજ વાદળો ઘેરાય છે... ધોધમારના એંધાણ થાય છે... પણ ટીપુય વરસાવતા નથી... છેલ્લા એક સપ્તાહથી વાદળો હાથતાળી આપી ગાંધીનગર પરથી પસાર થઈ જાય છે... ગુજરાતભરમાં ચોમાસુ જામ્યું છે... પરંતુ ગાંધીનગરમાં હજુ રાહ જોવડાવે છે... ઉલ્ટાનું અસહ્ય બફારામાં નગરવાસીઓ ઉચાટ અનુભવી રહ્યા છે... હવે, મેઘરાજા વરસો અને ગાંધીનગરને ફરીથી લીલુછમ બનાવો એ જ પ્રાર્થના....

# મનપાનો પેટા-ચૂંટણી જંગ ચતુષ્કોણીય ખેલાશે

## પક્ષોએ જાહેર પ્રચાર અભિયાનના શ્રીગણેશ કરી દીધા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણીનો જંગ ચતુષ્કોણીય બની રહેશે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર પાછુ ખેંચાયુ નથી. હવે આ જંગમાં ચાર ઉમેદવારો મેદાનમાં છે.

ભાજપ, કોંગ્રેસ, એન.સી.પી. અને અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે. ચાર ઉમેદવારો મેદાનમાં રહેતાં હવે બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ અને કોંગ્રેસે પણ તેમની વ્યુહરચનામાં બદલાવના ચક્રો ગતિમાન કરી દીધા છે.

આ પેટા-ચૂંટણી જંગમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેશે તેવી વાતો વચ્ચે આ બન્ને પક્ષોએ તેમના જાહેર પ્રચાર અભિયાનનો આરંભ કરી દીધો છે.

૨૧મી જુલાઈએ યોજાનાર મતદાન અંગે પણ પક્ષો દ્વારા વ્યુહરચનાઓ અલગથી તૈયાર કરાશે તેમ જાણવા મળેલ છે.

ભાજપ અને કોંગ્રેસના નેતાઓની આજે ગાંધીનગર સ્થિત તેમના કાર્યાલયોમાં બેઠકો મળી હતી અને પ્રચાર અભિયાન અંગેની રણનીતિને આખરી ઓપ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

### વોર્ડ નં. ૩ માં ૨૭ સર્વિસ વૉટર્સ

ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ માટેની પેટા-ચૂંટણી અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જતાં જ તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે. તંત્ર દ્વારા આ વોર્ડની પેટા-ચૂંટણી માટે બેલેટ પેપરના છાપકામ તેમજ તાલિમની કામગીરી આજથી જ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૩ માં ૨૭ સર્વિસ વૉટર્સ નોંધાયેલા છે. આ મતદાતાઓને કાલે તેમના પોસ્ટલ બેલેટ રવાના કરી દેવામાં આવશે. આ ઉપરાંત આ ચૂંટણી માટે ૧૫૦ જેટલા પોલિંગ સ્ટાફને આજે સે. ૧૫ સ્થિત સરકારી કોલેજમાં તાલિમ પણ આપવામાં આવી હતી. આ પેટા-ચૂંટણી માટે ૨૪ મતદાન મથકો નિયત થયેલા છે. આ માટે ઈ.વી.એમ.નું રાજકીય પક્ષોની હાજરીમાં એફ.એસ.સી. એકાદ-બે દિવસમાં યોજવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર દ્વારા વોર્ડમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ થાય તે માટે પણ નજર રાખવામાં આવશે.

# ગાંધીનગરમાં ભૂગર્ભજળની સ્થિતિ ચિંતાજનક છે : ડૉ. ચાવડા

## ખેડૂતોનું ઉત્પાદન વધે તેવા પ્રયાસો સરકાર કરે તો આવક વધશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ભૂગર્ભજળની સપાટી ઝીરો પર પહોંચી છે અને વૉટર રિચાર્જ પર જો પુરતુ ધ્યાન કેન્દ્રીત કરવામાં નહિ આવે તો ગાંધીનગર જે રાજયનું પાટનગર છે ત્યાંથી લોકોને હિજરત કરવાની ફરજ પડશે. આવા ગંભીર વિષયને લઈ સંસદમાં ચિંતા વ્યક્ત કરાઈ પરંતુ સરકારે બજેટમાં તેનો ઉલ્લેખ કર્યો નથી આનાથી વધુ દુઃખદ શું હોઈ શકે.

ઉપરોક્ત શબ્દો આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં બજેટ પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ઉચ્ચાર્યા હતા.

તેમણે ઘટતા જતા સ્ત્રી જન્મદર અંગે નીતિ આયોગે ચિંતા કરી છે પણ રાજ્ય સરકારે હજુ કોઈ ચોક્કસ વાત કે ચિંતા બજેટમાં કરી નથી. આમ છતાં બજેટને ફોક્સ બજેટ લેખાવવામાં આવી રહ્યુ છે.

ડૉ. ચાવડાએ કહ્યુ હતુ કે ૧૯૬૦માં પાક-ઉત્પાદન જે હતા તેના કરતાં ૧૯૯૦માં ત્રણ ગણા ઉત્પાદન થયા. કોંગ્રેસે પાક-ઉત્પાદન પર ભાર મુક્યો હતો. કોંગ્રેસે કૃષિ યુનિ.ઓની સ્થાપના કરી અને હરિયાળી ક્રાંતિની દિશામાં મહત્વના પગલાં ભર્યા હતા. હાલ રાજ્ય અને કેન્દ્ર સરકાર ખેડૂતોની આવક બમણી કરાશે તેવી વાતો જરૂર કરે છે પણ ખેડૂતોના ઉત્પાદનનું મૂલ્ય વધે છે અને લાભ ખેડૂતોને નહિ અન્યોને થાય છે. ખેડૂત તો જ્યાં હતો ત્યાં જ રહે છે.

તેમણે એમ પણ કહ્યુ કે ડીસા અને અન્ય વિસ્તારોમાં મુખ્યમંત્રીએ વાતો બહુ સરસ કરી હતી પરંતુ ખેડૂતને તેનુ ઉત્પાદન વધે તે માટે શું કરીશુ તેની કોઈ ચોક્કસ યોજના બજેટમાં દર્શાવી નથી.

સારા સૂત્રો સરકાર આપે છે પહેલાં નળ ખોલશો તો તેલ આવશે અને હવે નળ ખોલશો તો જળ આવશે પણ પાણી જ ભૂગર્ભ રહ્યા નથી. ડૉ. ચાવડાએ કહ્યુ હતુ કે બેરોજગારી વધતી જાય છે. સરકાર ભરતીની વાતો કરે છે પણ નિવૃતિ પછી કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો છુપાવે છે. આજે પણ તંત્ર ખોડંગાયેલુ છે સરકારે જનતાને સાચી હકીકતો જણાવવી જોઈએ.

તેમણે કહ્યું કે રૂપાણી સરકાર પોતે કોઈ નિર્ણય પ્રજાહિતનો કરી અને તેને સાર્થક થતો બતાવે તો અભિનંદન આપી શકાય. બાકી સૂચનાને પગલે નિર્ણય પછી જશ ખાવાની વાતને લઈ અભિનંદન આપવા યોગ્ય નથી.

# સે-૫-એમાં છેલ્લા મહીનાથી ગટરના દુષિત પાણીનો ભરાવો

## અસહ્ય દુર્ગંધ અને ગંદકી વચ્ચે ગમે ત્યારે રોગચાળો પ્રવર્તે તેવી દહેશત : અનેકવાર રજુઆત છતા ફરિયાદનો નિકાલ આવતો નથી

ગાંધીનગર તા ૯

શહેરના નવા સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ગમે ત્યારે રોગચાળાનુ કારણ બને તેમ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં ગટરોના દુષિત પાણીનો ભરાવો થતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. સે-૫ એ માં છેલ્લા એક મહીનાથી સ્થાનિક રહીશો આ સ્થિતિ વચ્ચે તંત્રને કાકલુદી કરી રહ્યા છે. આમછતા તેમની ફરિયાદનો નિકાલ આવ્યો નથી.સે-૫ માં ઉભરાતી ગટરોના દુષિત પાણીનો ગ-૨ સર્કલ પાસે ભરાવો થાય છે. જેના લીધે માર્ગ પર અવરજવર કરતા વાહનચાલકો પણ અસહ્ય દુર્ગંધથી ત્રસ્ત બન્યા છે. બીજીતરફ સેકટર -૩ ની ડ્રેનેજ ઈન્કવાયરીએ પણ આ ફરિયાદ ઉકેલવા માટે કોઈ પગલા લીધા નથી.

શહેરના સે-૫ એ માં છેલ્લા એક મહીનાથી ગટરનુ દુષિત પાણી સ્થાનિકો માટે ગુંગળામણનુ કારણ બન્યુ છે. સેકટરના કોમન પ્લોટમાં દુષિત પાણી ઉભરાતા અસહ્ય દુર્ગંધના લીધે ગંદકી પ્રવર્તી છે. સેકટર-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરી તેમજ વિભાગના અધિકારીઓને રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. સે-૫ એ માં પ્લોટ નં -૩૩૩ :૨ પાસે ગટરની ચેમ્બર સતત ઉભરાતી રહે છે.જેના લીધે આ વિસ્તારમાં ગટરના દુષતિ પાણીનો ભરાવો થાય છે .એટલુ જ નહી પરંતુ ગટરનુ આ દુષિત પાણી ગ-૨ સર્કલ પાસે સ્થિત કોમન પ્લોટ સુધી જાય છે. જયાં મોટા ખાડામાં આ દુષિત પાણીનો ભરવો થતા આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ સાથે ગંદકી ખદબદી રહી છે. સેકટરના સ્થાનિક રહીશો આ અંગે સે-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં રજુઆત કરીને થાકી ગયા છે. વરસાદી દિવસોમાં ગટરનુ પાણી ભળતા

● અનુસંધાન પાન-૭ પર

## આવતા રવિવારે ભવ્ય પુસ્તક મેળો

વિદ્યા લાયબ્રેરી ૩૦માં વર્ષ મંગલ પ્રવેશ નિમિત્તે યોજે છે.

ત્રેવીસમો ભવ્ય પુસ્તક મેળો

તા.૧૪, ૧૫ જૂલાઈ રવિ-સોમ, ૯ થી ૫

ધોરણ ૫ થી ૧૨ ના

"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/-માં"

જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ

ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ

ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/-
1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ

કાગળ : 1 પેકેટ ₹ 40, 50

પૂરવણી (50 નંગ) ₹ 100 / ₹ 150

અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો

₹ 50/- પેનબોક્સ (નંગ-૨૦)

Diploma ₹ 20 ડિગ્રી ₹ 50
LL.B. સજેશન ₹ 20

તા. ૧૪, ૧૫ જૂલાઈ ૨૦૧૯
રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫

વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575

ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ડાંગની સરિતાની વધુ એક સિદ્ધિ

## યુરોપ એથ્લેટિક્સમાં ૪૦૦ મીટર દોડમાં ફરી ગોલ્ડ : સરિતા ગાયકવાડે ૪૦૦ મીટર દોડ ૫૨.૭૭ સેકન્ડમાં પુરી કરી હતી : આદિવાસી કન્યા પર અભિનંદનની વર્ષા

અમદાવાદ, તા.૯

ધૂલ કા ફૂલ અને ડાંગી એક્સપ્રેસના હુલામણા નામથી ઓળખાતી સરિતા ગાયકવાડે યુરોપ એથ્લેટિક્સમાં ગોલ્ડ મેળવી ફરી એકવાર તેનું અને ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તર પર રોશન કરી ગૌરવ વધાર્યું છે. પોલેન્ડમાં યોજાયેલી યુરોપ એથ્લેટિકસ ચેમ્પિયનશિપની ૪૦૦ મીટર દોડને સરિતાએ ૫૨.૭૭ સેકન્ડમાં પુરી કરીને બીજો ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. સરિતાને સિધ્ધિને ડાંગ સહિતના



આદિવાસી સમાજ દ્વારા અભનિંદનની વર્ષા કરીને વધાવી લેવામાં આવી હતી. એટલું જ નહી, રાજય સરકાર અને રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા પણ સરિતાની આ સિધ્ધિને લઈ અભિનંદન-શુભેચ્છા પાઠવવામાં આવી હતી. રાજયના અતિ છેવાડાના ડાંગ જિલ્લાના કરાડીઆંબા ગામથી ખેલમહાકુંભના રમતોત્સવ થકી નેશનલ કક્ષાએ એથ્લેટિકસમાં ઉજળો દેખાવ કરનારી કુ.સરિતા

● અનુસંધાન પાન-૭ પર

# જળસંચય અને સ્વચ્છતા અભિયાન અંગે ખાસ વી.સી.નું આયોજન

ગાંધીનગર, તા. ૯

આજે રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ જિલ્લાના અધિકારીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધશે.

આ વિડીયો કોન્ફરન્સમાં ત્રણ જેટલા વિભાગોના વિવિધ કાર્યક્રમોને આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના આયોજન ઉપરાંત જળ સંચય અભિયાન અંગે તેમજ સ્વચ્છતા અભિયાનને લઈ માર્ગદર્શન અપાશે.

ચોમાસા દરમ્યાન સ્વચ્છતા જળવાઈ રહે તેમજ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થકી જળસંચય વધે તેના પર ખાસ ભાર મુકવામાં આવશે.

રાજયના પાંચ જિલ્લાઓમાં ભૂગર્ભજળની ચિંતાજનક સ્થિતિને પગલે અહિ જળસંચયના કાર્યક્રમો એન તેના આયોજન અંગે વિસ્તૃત સમીક્ષા મુખ્ય સચિવશ્રી દ્વારા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જળશક્તિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પણ ભૂગર્ભજળ અંગે ખાસ ભાર મુકવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની સૂચનાઓ પછી રાજયના મુખ્ય સચિવશ્રી દ્વારા આજે યોજાનારી આ વિડીયો કોન્ફરન્સ અત્યંત મહત્વપૂર્ણ હોઈ જળસંપતિ વિભાગ દ્વારા પણ ખાસ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188

Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500 Fax: +91-79-23268506, Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

**NOTICE**
**(For the attention of Equity Shareholders of the Company)**

**Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority**

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2011-12 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. www.gspcgroup.com under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 10th October, 2019, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its **Corporate Office** viz. GSPL Bhavan, E-18 – GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector – 26, Gandhinagar – 382028 Tel.: 079-23268700 Fax No.: 079-23268506 Email: investors.gspl@gspc.in Website: www.gspcgroup.com or the Company's Registrar and Share Transfer Agent at Karvy Fintech Private Limited, Karvy Selenium Tower B, Plot 31 - 32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad – 500 032. Tel.: 040-67162222 Fax No.: 040-23001153 Email: einward.ris@karvy.com Website: www.karvyfintech.com.

**For Gujarat State Petronet Limited**
**sd/-**
**Reena Desai**
**Company Secretary**

**Place: Gandhinagar**
**Date: 9th July, 2019**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com